# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી રાજ્યની બે દિવસીય મુલાકાતે. એકતા નગરમાં એક હજાર 140 કરોડથી વધુના વિકાસ કામોનું ઉદ્ઘાટન અને ખાતમૂહૂર્ત કરશે.**
2. **પ્રજાસત્તાક પર્વ નિમીત્તે દિલ્હી ખાતે યોજાતી પરેડની પેટર્ન પર એકતાનગર ખાતે પ્રથમવાર પરેડ.. 'એકત્વ' થીમ આધારિત 10 ટેબ્લોનુ પ્રસ્તુતીકરણ થશે.**
3. **અમદાવાદ મહાનગરપાલિકા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તા મકાન મળી રહે તે માટે 10 હજાર મકાનોનું નિર્માણ કરશે.**
4. **પહેલી નવેમ્બર સુધી રાજ્યમાં વરસાદની હવામાન વિભાગે આગાહી કરી. છેલ્લા ચોવિસ કલાકમાં 37 તાલુકાઓમા વરસાદ વરસ્યો.**
5. **મહિલા એક દિવસીય વિશ્વ-કપની બીજી સેમિફાઈનલ આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે નવી મુંબઈમાં સેમિફાઇનલ રમાશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી રાજ્યની બે દિવસીય મુલાકાતે આવશે. શ્રી મોદી આજે સાંજે એકતા નગરમાં એક હજાર 140 કરોડથી વધુના વિવિધ વિકાસ કામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે અને 25 ઇ-બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

આવતીકાલે તેઓ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ત્યારબાદ, શ્રી મોદી આરંભ 7.0 અંતર્ગત 100માં કોમન ફાઉન્ડેશન કોર્સના અધિકારી તાલીમાર્થીઓ સાથે વાતચીત કરશે.

આજે સાંજે શરૂ થઈ રહેલા વિવિધ વિકાસ કામો થકી એકતા નગર પરિસરમાં ઇકો-ટુરિઝમ, ગ્રીન મોબિલિટી, સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આદિવાસી વિકાસને પ્રોત્સાહન મળશે.

વધુ માહિતી અમારા સંવાદદાતા પાસેથી.......

*(આજે ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં રાજપીપળામાં બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટીનો શુભારંભ ; ગરુડેશ્વરમાં હોસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ , વામન વૃક્ષ વાટિકા; સાતપુડા પ્રોટેક્શન વોલ; ઇ-બસ ચાર્જિંગ ડેપો, નર્મદા ઘાટ વિસ્તાર ; કૌશલ્યા પથના લોકાર્પણ સહિતના પ્રોજેક્ટ સામેલ છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી 367 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર ભારતના રજવાડાઓના સંગ્રહાલય; સહિત વીર બાલક ઉદ્યાન; રમતગમત સંકુલ; વર્ષા વન પ્રોજેક્ટ; શૂલપાણેશ્વર ઘાટ નજીક જેટી વિકાસ; સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવલેટર્સ સહિત વિભિન્ન પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે એક ખાસ સ્મારક સિક્કાનું અને ટપાલ*

*ટિકિટનું પણ અનાવરણ કરશે. આવતીકાલે શ્રી મોદી એકતા દિવસની ઉજવણી અંતર્ગત એકતા દિવસની પ્રતિજ્ઞા લેવડાવશે અને એકતા દિવસ પરેડનું નિરીક્ષણ કરશે.આ વખતે યોજનારી એકતા દિવસ પરેડમાં બી એસ એફ, સી આઈ સે એફ આઈ ટી બી પી સહિતના સુરક્ષા દળો ઉપરાંત નવ રાજ્યો પણ ભાગ લેશે રાજયોની સિદ્ધિઓ દર્શાવતા 10 ટેબલોઝ રજૂ કરાશે)*

*અપર્ણા ખૂંટ//આકાશવાણી સમાચાર //અમદાવાદ*

## JITU WAGHANI ON SARDAR PATEL JAYANTRI CELEBRATION

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમીત્તે કેવડિયાના એકતાનગર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાશે. આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય એકતાદિનની ઉજવણી કરાશે તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાધાણીએ જણાવ્યું હતું.

વધુ માહિતી પ્રવક્તા મંત્રી જીતુ વાધાણીએ આપી હતી.......

(બાઇટ- જીતુ વાધાણી, પ્રવક્તા મંત્રી)

## AMC REDEVLOPMENT PLANE FOR HOUSING SECTOR

અમદાવાદ મહાનગરપાલિકા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સસ્તા મકાન મળી રહે તે માટે 10 હજાર મકાનોનું નિર્માણ કરશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી સમયમાં પ્રધાનમંત્રી આવાસ 2.0 યોજના અંતર્ગત

LIG, EWS, તેમજ જૂના થઈ ગયેલા મકાનોને રી-ડેવલોપ કરી 10 હજારથી પણ વધુ મકાનોનું નિર્માણ કરશે.

જે અંગે ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ કમિટીના ચેરમેન મુકેશ પટેલે જણાવ્યું કે, એક હજાર 406 કરોડના ખર્ચે આ મકાનો તૈયાર કરવામાં આવશે.

(BYTE -મુકેશભાઈ પટેલ, ચેરમેન, હાઉસિંગ કમિટી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન)

## NDPS CASE

અમદાવાદના શાહપુર વિસ્તારમાંથી પોલીસે નશાકારક દ્રવ્ય સાથે એક આરોપીની ધરપકડ કરી છે. શાહપુર પોલીસને મળેલી બાતમીના આધારે 230 ગ્રામ કરતાં વધુ કોકેઇન સાથે સરખેજના એક આરોપીની ધરપકડ કરી હતી. તેની પાસેથી ત્રણ લાખ 67 હજાર કરતાં વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## HAVAMAN AAGAHI

હવામાન ખાતાએ પહેલી નવેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજે પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની શક્યતા છે.

માછીમારોને પણ આવતીકાલ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

# RAIN

રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસથી કમોસમી વરસાદ થઈ રહયો છે, જે અંતર્ગત છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યના 37 તાલુકામાં વરસાદ થયો હોવાના અહેવાલ છે, સૌથી વધુ બનાસકાંઠાના અમીરગઢમાં દોઢ ઇંચ જેટલો વરસાદ થયો હતો, જ્યારે સુઈગામ, મહુવા, જાફરાબાદ, રાજુલા, વલસાડ, સુત્રાપાડા, થરાદ અને કોડીનારમાં એક ઇંચ જેટલો વરસાદ થયો હતો. જ્યારે અન્ય તાલુકામાં છૂટોછવાયો વરસાદ થયો હોવાના અહેવાલ છે.

# CRIME BRANCH

અમદાવાદમાં પાલડી વિસ્તારના એક જૈન દેરાસરમાં થયેલી ચોરીના મામલે એક ફરાર આરોપીને ઝડપી લેવાયો છે. અમદાવાદ ક્રાઇમ બ્રાંચે આ આરોપીની મહારાષ્ટ્રથી ધરપકડ કરી હતી. ઘણા વખતથી આ આરોપી ભાગેડુ હતો.

આરોપી મહારાષ્ટ્રમાં હોવાની મળેલી બાતમીના આધારે અમદાવાદ ક્રાઇમ બ્રાંચની ટીમે સાંગલી પહોંચીને આરોપીની ધરપકડ કરી હતી.

# CURTAIN RAISER - ICMR-NIOH, AHMEDABAD

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના આરોગ્ય સંશોધન વિભાગના નેજા હેઠળ ICMR-NIOH અને સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ

ઇન આયુર્વેદિક સાયન્સ, આયુષ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી ગઇકાલે “ઇમર્જિંગ સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન કોન્કલેવ માટે એક પ્રારંભિક કાર્યક્રમનું આયોજન કર્યું.

આગામી ત્રણથી પાંચ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાવાનું છે. જેનુ  ઉદઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે.

આ અંગે વધુ માહિતી ICMR-NIOH ના નિયામક ડો. ભાવેશ મોદીએ આપી હતી.

(BYTE: ડો. ભાવેશ મોદી, નિયામક, ICMR-NIOH, AHMEDABAD)

## WOMEN CRICKET

મહિલા એક દિવસીય વિશ્વ-કપની બીજી સેમિફાઈનલ આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. નવી મુંબઈના ડી. વાય. પાટીલ રમતગમત અકાદમીમાં ભારતીય સમય મુજબ આ મૅચ બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે. આકાશવાણી પર બપોરે અઢી વાગ્યાથી મૅચ પૂર્ણ થવા સુધી અંગ્રેજી અને હિન્દી ભાષામાં મૅચનું જીવંત પ્રસારણ કરાશે.

ગઈકાલે પહેલી સેમિફાઈનલમાં ઇંગ્લૅન્ડને 125 રનથી હરાવી દક્ષિણ આફ્રિકા ફાઈનલમાં પહોચ્યું છે. આસામમાં ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં ઇંગ્લૅન્ડે ટૉસ જીતીને પહેલા બૉલિંગનો નિર્ણય કર્યો હતો. પહેલી બૅટિંગ કરતાં દક્ષિણ આફ્રિકાએ નિર્ધારિત 50 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 319 રન બનાવ્યા

હતા. જવાબમાં ઇંગ્લેન્ડની ટીમ 42 ઓવર ત્રણ બોલમાં 194 રન જ બનાવી શકી હતી.

# JALARAM BAPA'S BIRTH ANNIVERSARY

સંત શિરોમણી શ્રી જલારામ બાપાની 226મી જન્મજયંતીની રાજ્યના વિવિધ જિલ્લામાં ઉજવણી ગઇકાલે ધાર્મિક આસ્થા સાથે કરવામાં આવી.

રાજકોટના વીરપુરમાં જલારામ બાપાએ 200 વર્ષથી પણ પહેલા સદાવ્રતની લેખ જગાડી હતી. ત્યારથી જ લોકોને ભોજન કરાવવાનો પ્રકલ્પ આ ગામમાં આજે પણ અવિરત ચાલી રહ્યો છે.

ભાવનગરમાં જલારામ મંદિરે બાપાને 250થી વધુ વાનગીનો અન્નકૂટ ધરાવાયો અને મહાઆરતી કરવામાં આવી, જેનો હજારો ભક્તોએ લ્હાવો લીધો. બાપાની જ્યંતી નિમિત્તે મંદિરમાં રક્તદાન શિબિર, આરોગ્ય તપાસનું આયોજન કરાયું.

વલસાડમાં સિટી પોલીસ મથક સામે આવેલા જલારામ મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યાં.

પાટણમાં જલારામ બાપાના જન્મજયંતિની ભક્તિમય વાતાવરણમાં ઉજવણી થઈ. આ પ્રસંગે શોભાયાત્રા પણ યોજાઈ.

કચ્છના ભુજમાં દરિયાસ્થાન મંદિરમાં આવેલા જલારામ બાપાના સ્થાનકે મહાઆરતી અને પૂજનવિધિના કાર્યક્રમ યોજાયા હતા. સાંજે સંગીત સંધ્યા સહિતના કાર્યક્રમ યોજાયા હતા. ભુજમાં કંસારા બજારના રવાણી ફળિયામાં પ્રાચીન જલારામ મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવ્યા હતા.

દીવ ખાતે પણ જલારામ બાપાની જન્મજયંતિની ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી.